# પ્રકરણ : ૬

# ‘નાઇટમૅર’ (સરોજ પાઠક) મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

# ૬. : 'નાઇટમેર' (સરોજ પાઠક) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

## ૬.૧. : સર્જક પરિચય :

સરોજ પાઠકનો જન્મ કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના ઝખવમાં તા. ૦૧/૦૬/૧૯૨૯ ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક અને માધ્યમિ કક્ષાનો અભ્યાસ મુંબઈમાં કર્યો હતો. ૧૯૪૭ માં તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરેલી. ગુજરાત યુનિવર્સિટીમાંથી ૧૯૬૧ માં સ્નાતક કક્ષાએ અભ્યાસ કર્યો. એ જ યુનિવર્સિટીમાંથી એમણે ૧૯૬૪ માં ગુજરાતી વિષય સાથે અનુસ્નાતકનો અભ્યાસ કરેલો. તેઓ આકાશવાણી અને સોવિયેત ઇન્ફર્મેશન સર્વિસ ક્ષેત્રે પણ સંકળાયેલા હતાં. ૧૯૬૪ થી તેઓ બારડોલી કોલેજમાં અધ્યાપન કાર્ય કરે છે. તેમણે રમણલાલ પાઠક સાથે લગ્ન કર્યા હતા. તા. ૧૬/૦૪/૧૯૮૯ ના રોજ બારડોલી ખાતે, સંજોગાવસાત્ એમના રીટાયરમેન્ટના દિવસે જ, એમનું દેહાંત થાય છે.

તેમણે સાહિત્યના વાર્તા, નવલકથા અને નિબંધ જેવા સ્વરૂપોમાં પોતાની સર્જનાત્મક શક્તિને અભિવ્યક્તિ આપી છે. તેમની પાસેથી 'પ્રેમઘટા ઝૂકી આઈ' (૧૯૫૯), 'મારો અસબાબ મારો રોગ' (૧૯૬૬), 'વિરાટ ટપકું' (૧૯૬૬) અને 'તથાસ્તુ' (૧૯૭૨) જેવા વાર્તાસંગ્રહો મળે છે. 'નાઇટમેર' એ તેમની પ્રથમ નવલકથા છે જે ૧૯૬૯ માં પ્રકાશિત થયેલી છે. એ સિવાય એમની પાસેથી 'નિઃશેષ' (૧૯૭૯) અને 'પ્રિય પુનમ' (૧૯૮૦) જેવી નવલકથાઓ પણ મળે છે. 'સાંસારિક' (૧૯૬૭) અને 'અર્વાચીન' (૧૯૭૫) એ તેમના નિબંધસંગ્રહોછે. અનુવાદ ક્ષેત્રે તેમણે 'પ્રતિપદા' (૧૯૬૨) નામનું પુસ્તક આપ્યું છે.

## ૬.૨. : 'નાઇટમેર' નવલકથાનો મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

'નાઇટમેર' નવલકથા ૧૯૬૯ માં પ્રગટ થયેલી છે. સર્વજ્ઞ કથનકેન્દ્રથી લખાયેલી આ નવલકથામાં 'પ્રણયત્રિકોણ' નું કથાઘટક કેન્દ્રમાં છે. પ્રણયત્રિકોણ એ નવલકથામાં પ્રયોજાતું ખૂબ જ જાણીતું કથાઘટક છે, પરંપરાગત કથાઘટક છે. લેખિકાએ આ પરંપરાગત

કથાઘટકને જે અભિગમથી અનુગ્રહ્યું છે અને જે દષ્ટિકોણથી તેને અભિવ્યક્ત કર્યું છે એમાં એમની સર્જનાત્મકતાનો ઉન્મેષ વર્તાય છે. પ્રણયત્રિકોણને કારણે નિર્માતા ભૌતિક કે સામાજિક આંદોલનોને નિરૂપવાને બદલે પાત્રના અંતર-મનમાં જે આંદોલનો ઊઠે છે તેનું સૂક્ષ્મનજરે નિરૂપણ કરવામાં તેઓ વિશેષ રસ દાખવે છે. અત્યાર લગી નવલકથાઓમાં પ્રણયત્રિકોણનો સંદર્ભ ભૌતિક અને સામાજિક આંદોલનોને અનુલક્ષતો હતો એની સામે લેખિકાએ ચાતરેલા આ નવા ચીલાને ડૉ. સુમન શાહ પણ સરાહે છે. તેઓ તેમના 'નિયતિનું નાઈટમેર' નામના અભ્યાસલેખમાં આ સંદર્ભે નોંધે છે : "પ્રણયત્રિકોણની ચીલાચાલું અને બાહ્ય પરિમાણોમાં પથરાતી સપાટ ઉપલક વાસ્તવિકતા નહિ પણ સાચા અર્થમાં પૂરી વાસ્તવિકતા અહીં શબ્દરૂપ પામી છે - અલબત્ત એનું ઊંડાણ ચેતના અવચેતના કે અચેતનાનાં ઊંડાણોનું નથી પણ માનવમનનું છે, ચૈતસિક સ્તર સુધીનું છે, ને તેથી રચના મનોવૈજ્ઞાનિક નવલકથા બની રહે છે. અને એયે જેવો તેવો પડકાર નથી..."[૧]

## ૬.૩. : નાઈટમેરનું કથાનક અને નિયતિનું ભાવશબલ ચેતનાવિશ્વ :

આ નવલકથાનું કથાવસ્તુ કંઈક આ પ્રમાણે છે : નિયતિ અને સાર્થ પરસ્પર એકબીજાને મનોમન ચાહતા હોય છે. સાર્થ નિયતિને પ્રેમપત્ર પણ લખે છે. એ સમયે નિયતિના હૃદયમાંથી પણ સાર્થ માટે પ્રણયોર્મિઓ ઊઠે છે. પરંતુ સંજોગાવશાત્ સ્વજનોની મરજી-આગ્રહને વશ થઈ નિયતિએ સાર્થના મોટા ભાઈ અનન્ય સાથે પરણવું પડે છે. "વર બદલાઈ ગયો હતો....ના, નિયતિનું તકદીર બદલાઈ ગયું હતું."[૨] અકસ્માત્ થયેલા આ લગ્નથી નિયતિ અને અનન્ય ખુશ તો ના જ હોય. પરંતુ એથીયે મોટી કરૂણતા એ છે કે જેને નિયતિ ચાહે છે એ પ્રિયજન-સાર્થ પણ આ જ ઘરનો સભ્ય છે. સાર્થ અને નિયતિએ એક જ ઘરમાં, એક જ છત હેઠળ રહેવાનું છે. પરંતુ વિધિની વક્રતા એ છે કે નિયતિ અને સાર્થ વચ્ચે અનન્ય-પાર્ટીશન છે. પરિણામે નિયતિની પ્રિયજનને ન પામ્યાની વેદના બેવડાય છે. પ્રિયજન સામે જ હોવા છતાં તે એને પોતાનો નથી કહી શકતી. નિયતિના ચરિત્રને પોતાની સ્થિતિ માટે રોકકળ કરતું, પીડાનું રટણ કર્યા કરતું દર્શાવવાને બદલે પોતાના ચિત્ત સાથે, પોતાની અપેક્ષાઓ સાથે, પોતાના સ્વાભિમાન-અભિમાન માટે, પોતાના સામાજિક મોભા માટે ઝઝમતું દર્શાવવામાં સર્જકે નાવીન્ય દાખવ્યું છે. નિયતિની દયનીય સ્થિતિને દયનીય ન

દર્શાવી, પોતાના અહમ્‌ને ટકાવી રાખવા ઝઝુમતી દર્શાવી તેના પ્રત્યે ભાવકચિત્તમાં દયા ઉપરાંત સમભાવનો અવકાશ રચી આપ્યો છે.

"સૌ પ્રથમ કળ વળી હતી નિયતિને.

તેણે ઊભા થઈને ઘરનું સુકાન હાથમાં લઈ લીધું હતું.

Life must go on અને તેણે દાંત ભીડી તકદીરના જબ્બર ધક્કાને સમતુલા ગુમાવ્યા વગર સહી લીધો. અબોલ ઝનૂનથી તેણે જીવનનો પડકાર ઝીલી લીધો. તે દયા યાચવા નહીં જાય, તે રડી રડીને જિંદગીના દિવસો નહીં વિતાવે, ફરિયાદોની યાદી કરીને વામણી નહીં બને - અરે કોઈને પણ – જે કોઈ આ કથા જાણે છે, ખાસ કરીને ઘરની અંદરનાં ફોઈ અને બાપુજી – એટલે કે ફોઈજી અને સસરાજી તેની દષ્ટિએ તો તે ખુમારીપૂર્વક જ જીવશે. એ બધું તો ઠીક પણ બાપુજી અને ફોઈ - ઘરનાં વડીલોની ઈચ્છાનું ઉલ્લંઘન ન કરી શકનાર 'બહાદુરો' પાસે તો તે લૂંટાઈ ગઈ છે – જીવન હારી ગઈ છે એવું જણાવા નહીં જ દે."[3] તે પોતે સામાજિક નિયમોને વશ થવાથી બંધન અનુભવે છે. પોતાને મનગમતો વર પસંદ ન કરી શકવાની સ્વતંત્રતા છીનવાયાની પીડા તો તે ચેતનસ્તરે મૂંગે મોંએ સહી લે છે. પણ તેની આ સહનશીલતા અચેતન સ્તરે માલિકીભાવ અને આત્મરતિરૂપે વિકસે છે. તેની ઇડગત ઈચ્છાઓની અપૂર્તિ ધીમે ધીમે હઠીલા માલિકીભાવમાં પરિણમતી જાય છે. એ ઘરમાં સંપૂર્ણપણે પોતાનો માલિકીભાવ સ્થાપવા ચાહે છે. તે પરિવારજનોને પોતે ઘડેલા નિયમો અને ધોરણોમાં બાંધી નાખવા મથે છે. "……તેણે ઘરમાં. વાતાવરણમાં, પોતાના વ્યવહારમાં ને મનમાં પણ એ ચુસ્ત શિસ્તથી સાફસફાઈ કરવાનું આરંભી દીધું. શરૂઆતના છ માસ એ ગળાડૂબ કાર્યમગ્ન રહી. શિસ્તના અમુક નિયમોમાં તેણે ઘરનાં માણસોને બાંધી દીધાં"[૪]

લગ્ન પછીના છએક માસમાં જ અનન્યના બાપુજી સ્વર્ગે સિંધાવે છે અને એકાદ વર્ષ બાદ ફોઈ પણ સાસરે ગામડે વિદાય થાય છે. આથી ઘરમાં માત્ર અનન્ય-નિયતિ અને સાર્થ ત્રણ જણ એકલાં જ રહે છે. આ જ અરસામાં નિયતિ પણ નોકરી શરૂ કરે છે. નિયતિની રોજિંદી કાર્યપ્રણાલિમાંથી પણ એ ત્રણે પાત્રોની માનસિક ખેંચતાણ પ્રગટ થાય છે. "નિયતિ સવારે વહેલી ઊઠીને રસોઈની તૈયારીમાં પડી જતી. સમયસર ગરમ પાણી થઈ જતું. રસોડાની બહારના બે ઓરડામાં બેઠેલા સાર્થ અને અનન્યની હલચલ, આવ-જા બધું

નિયતિના રસોઈના કામકાજ દરમ્યાન થઈ જતું. નિયતિ તેમાં ક્યાંય હાજર ન રહેતી. રસોઈ તૈયાર થઈ જતાં બે થાળીઓ તૈયાર કરીને તે ટેબલ પર મૂકતી. જેમાં પહેલાં અનન્ય આવીને ઝટપટ જમી લેતો. તે દરમિયાન નિયતિ ઓફિસનાં કપડાં પહેરી લેતી. અનન્યને ઓફિસ જવાની બધી તૈયારીમાં સાથ આપતી. તે દરમિયાન સાર્થ તૈયાર થઈ ને તૈયાર થાળી પર બેસી જતો. નિયતિ તે વખતે રસોડામાં હાજર ન રહેતી. અનન્ય ઓફિસમાં જતો અને સાર્થ રસોડામાંથી બહાર આવી જતો પછી જ નિયતિ પોતાનું જમવાનું ને નાસ્તાનો ડબ્બો તૈયાર કરવાનું કામ કરી લેતી. કોઈને કશું બોલવાનું કે પૂછવાનું રહેતું નહીં એવી રોજિંદી ગોઠવણ આપોઆપ થઈ ગઈ હતી. એકધારો આવો કાર્યક્રમ – સૌને ફાવી ગયો હતો. નિયતિ – અને તેની સાથે ઘરનાં માણસો પણ મૂંગી ફિલ્મની જેમ આ બધું કામ કર્યે જતાં. નિયતિ ગીત ગણગણ્યા વગર પણ સ્વસ્થતાથી, કદીક બેદરકારીથી ઘરનું કામ સમયસર કરતી અને ઘરનાં માણસોને બોલ્યા વગર પણ ફરજ પાડતી."[૫]

નિયતિના આ પદ્ધતિબદ્ધ જીવનવ્યવહારથી અનન્ય અને સાર્થ ટેવાઈ જાય છે, ટેવાઈ જવું પડ્યું છે. આમ ને આમ ત્રણ ત્રણ વરસ વીતી જાય છે. નવલકથાનો આરંભ આ ત્રણ વરસ વીતી ગયા પછી અચાનક એક દિવસ બનેલી ઘટનાથી, વર્તમાનના સમયબિંદુથી થાય છે. પછી નવલકથામાં સતત વર્તમાન-ભૂતકાળ-વર્તમાન-ભૂતકાળ એવી સમય સંકલના નિરૂપાયેલી છે. અંતે વર્તમાનમાં નવલકથા પૂર્ણાહુતિ પામે છે.

લગ્નને ત્રણ વરસ થયા પછી અચાનક એક દિવસ નિયતિએ પીરસી રાખેલી થાળી સાર્થ જમતો નથી. આ ઘટનાથી કથા ગતિ પકડે છે. સાર્થના આવા વ્યવહાર બદલ નિયતિ જે ચૈતસિક આંદોલનો અનુભવે છે એ હવે પછીનું કથાવસ્તુ બને છે. સાર્થ જમતો નથી એ ઘટના મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ઉદ્દીપક વિભાવ બને છે. તો સાર્થ નથી જમ્યો એ જોઈ-જાણી નિયતિ જે રીતે React કરે છે એ મનોવૈજ્ઞાનિક પરિભાષામાં અને રસશાસ્ત્રની પરિભાષામાં અનુભાવ તરીકે ઓળખાય છે. અનન્ય સાથે પરણેલી નિયતિ સાર્થ સમક્ષ પોતાની જાતને વામણી સાબિત થવા દેવા નથી માગતી. તેની આ વર્તણૂક ઇડપ્રેરિત છે. ગમે તેવી પરિસ્થિતિમાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું, પોતાના અહમ્‌ને-સ્વત્વને ટકાવી રાખવું અને પોતાની વાતને વળગી રહેવું એ મનુષ્યની ઇડગત પ્રકૃતિ હોય છે. નિયતિ પણ સાર્થ સમક્ષ પોતાના સ્વત્વને ટકાવી રાખવા ઝઝૂમે છે. એવામાં સાર્થ નિયતિએ પીરસેલી થાળી ન

જમીને તેના સ્વત્વની અવહેલના કરે છે. સાર્થના આ Action થી નિયતિના ચિત્તમાં Reaction રૂપે જે ભાવો જન્મે છે તે જુઓ :

"સાર્થ આજે ટેબલ પરની થાળીને અડ્યોય નહીં તેની નોંધ નિયતિએ અત્યંત રોષપૂર્વક લીધી. તેને ઑફિસ જવાનું મોડું થતું હતું, છતાં ઝનૂનથી તે પ્રથમવાર સાર્થની સામે ઊભી રહીને પોતાનો ત્રણ ત્રણ વર્ષનો સંચિત રોષ ઠાલવી દેવા તૈયાર થઈ ગઈ.

કેવી રીતે જવું ? નિયતિએ જે વાત કદી જ કલ્પી નહોતી એનો સામનો કરવાનો સમય આવતાં તેની હિંમત, ગુસ્સો બીજા જ ભાવમાં-સંકોચમાં, પીછેહઠમાં પલટાઈ જતાં હતાં. તેની હાર ન માનવા માટે તે વધુ ને વધુ ધૂંધવાઈ રહી"[૬]

સાર્થના વ્યવહારથી નિયતિને ગુસ્સો આવ્યો એ તો સાધારણ બાબત છે. પરંતુ એ ગુસ્સો 'ત્રણ ત્રણ વર્ષનો સંચિત' થયેલો છે એ બાબત નિયતિના ચિત્તમાં ધરબાઈ રહેલી સાર્થને ન પામી શકવાની વ્યથા અને સાર્થે એની સાથે પરણવામાં દાખવેલી પલાયનવૃત્તિને કારણે ઉપજેલા ગુસ્સાનું સૂચન કરે છે. તે પોતાને આવેલા ગુસ્સાને સાર્થ સમક્ષ કેવી રીતે અભિવ્યક્ત કરશે એ અંગે પણ ગડમથલ અનુભવે છે. એક ક્ષણે તે એવું નક્કી કરે છે કે :

"દાદર પર ઊતરશે ત્યારે વચ્ચેથી આંતરી લઈશ. ના ના, એના જ ઓરડામાં જઈ, એની સામે ઊભી રહી સ્પષ્ટ શબ્દોમાં કહું, 'કેમ મહેરબાન, કાલાવાલા કરાવવાની ઈચ્છા થાય તો પરણી લાવોને...'

'ઓહ, ના ના' નિયતિને શરમ સાથે દુઃખનો સણકો નીકળી ગયો."[૭]

અહીં શરમ સાથે દુઃખનો જે સણકો નીકળે છે એનું કારણ શું ? સાર્થને પરણવાનું કહેવાથી શરમ આવે એ સ્ત્રીસહજ છે. પણ સાર્થ પરણે તો એથી એના અંતરમનને ઠેસ વાગે એનું સચોટ સૂચન અહીં જણાય છે. એક ક્ષણે ગુસ્સામાં તે સાર્થને પરણવાનું સંભળાવી દેવા તો તૈયાર થઈ જ જાય છે પણ બીજી જ ક્ષણે તેને ખ્યાલ આવે છે કે સાર્થ જો પરણી જશે તો તેના અહમ્‌ના ભૂક્કેભૂક્કા થઈ જશે. અચેતન મનથી તે એવું ઈચ્છે છે કે સાર્થ પરણે નહીં એવું અહીં આડકતરી રીતે સૂચવાયું છે. તરત તેને વિચાર આવે છે કે "....માત્ર જઈને ઊભી રહું, કમર પર હાથ મૂકીને. એક શબ્દ પણ બોલ્યા વગર દરવાજાની વચ્ચે ઊભી રહું....કે એનો હાથ પકડીને ઢસડીને ખુરશી પર લાવીને પછાડું....' ના ના નિયતિને આખે શરીરે રોમાંચ થઈ ગયો."[૮] સાર્થ સમક્ષ પોતાનો ગુસ્સો ઠાલવવા મનમાં ને મનમાં તે

જુદી જુદી યુક્તિઓ અજમાવે છે. આ પછી નિયતિ સાર્થ વિશે જે વિચારે છે એ રસનો વિષય બની રહે છે. અનન્ય સાથે પરણ્યા પછી પણ અંતરમનથી સાર્થને ચાહતી નિયતિ તેના સંદર્ભમાં વિચારે છે કે :

"બહુ વાંકો સેંથો પાડે છે. એક બાજુ તો બસ થોડા અમથા જ વાળ. વચ્ચોવચ ફુગ્ગો કંઈ બહુ સારો લાગતો નથી. ચોકલેટ રંગના પેન્ટ પર આસમાની ખમીસ કંઈ સારું ન લાગે. કોલર તો પાછો સાવ ચોળાયેલો છે. મોં પર કેટલો બધો પરસેવો છે. સાવ ચીકણું ચીકણું...! પોર્ટફોલિયાનો રંગ કેટલો ભડક છે ! બૂટ તો સાવ મેલા થઈ ગયા છે. નાક ઓછું લાંબું હોત તો ખોટું નહોતું, આ તો જાણે મોં પર તોળાઈ રહ્યું છે. પોતાના મનથી તો કેવોય રૂપાળો છે એમ સમજે છે, જાણે કામદેવનો કટકો ! નિયતિએ મોં મચકોડ્યું."[૯] નિયતિના સાર્થ વિશેના આ વિચારોમાં સાર્થની નિંદા થયેલી જોવા મળે છે પણ એ નિંદામાંય સાર્થ પ્રત્યેની તેની તીવ્ર આસક્તિનો અહેસાસ થયા વગર નથી રહેતો. અહીં સાર્થ પ્રત્યેનો રોષ જે રીતે તે વ્યક્ત કરે છે એમાં એક બાજુ સાર્થ પ્રત્યેની તેની આસક્તિનો તો બીજી બાજુ સાર્થને ન પામી શક્યાનો વ્યથાભાવ એકી સાથે ઘૂંટાઈને પ્રગટે છે.

વળી, પીરસેલી થાળી ન જમનાર સાર્થ તરફ તે કેવો ક્રોધભાવ અનુભવે છે તે જુઓ : "બોચીમાંથી પકડીને.....ના, છાતી પર ખમીસથી પકડીને ગાલ પર ચાર...."[૧૦] બીજી જ પળે તે વિચાર બદલે છે : "'આ આખી જ થાળી તૈયાર થયેલા સાર્થની ઉપર પછાડું જઈને, ભલે પછી એ ખરડાઈ જાય !'"[૧૧] આ રીતે સાર્થ પોતે પીરસેલી થાળી નથી જમ્યો એ કારણે નિયતિ જે ભાવશબલતા અનુભવે છે તેનું અહીં સુંદર નિરૂપણ થયું છે.

સાર્થ જમ્યો નહીં એ કારણે નિયતિ જે જે ભાવ અનુભવે છે એ સમજવા તો સરળ છે. પરંતુ આવી નાનીસૂની ઘટના નિયતિની ચૈતસિક આબોહવાને ડામાડોળ કરી નાખે છે એની પાછળનું મનોવૈજ્ઞાનિક કારણ શું ? એ પ્રશ્ન અત્રે વધારે નોંધપાત્ર અને વિચારવા યોગ્ય છે. વડીલોની આજ્ઞાને ઊથાપવાનું સામર્થ્ય નહીં ધરાવતા સાર્થ-અનન્યને કારણે નિયતિ અનિચ્છિત વ્યક્તિ-અનન્ય સાથે પરણી જાય છે અને બંધનયુક્ત જીવન જીવવા લાગે છે. બંધનયુક્ત જીવનને કારણે નિયતિ જાણ્યે-અજાણ્યે પરિવારજનો પાસેથી પણ બંધનયુક્ત અને ઘરેડબદ્ધ વ્યવહારની અપેક્ષા સેવતી થાય છે. પોતે જેમ ઇચ્છે એ રીતે જ પરિવારજનો વર્તે એવું વાતાવરણ તેણે ઘરમાં ઊભું કર્યું. પરંતુ સાર્થ આ વાતાવરણમાં ગાબડું પાડે છે. તે

નિયતિએ પીરસેલી થાળી નથી જમતો. સાર્થના આ વ્યવહારનું નિયતિ 'સાર્થ મારી પરીક્ષા કરી રહ્યો છે' એવું અર્થઘટન કરે છે કે. 'સાર્થ જમે નહીં તો હું શું વિચારું છું ? મને એની ચિંતા થાય છે કે નહીં' વગેરે જેવા પ્રશ્નોને કારણે જ તે અકળામણ અનુભવે છે. કારણ કે વર અને તકદીર બદલાઈ જવાથી ઘવાયેલા અહમ્‌વાળી નિયતિ પોતાના એ ઘાને ઊઘાડો કરવા નથી માગતી. સાર્થ જમ્યો નહીં અને એના કારણે તે સાર્થની ચિંતા કરતી થઈ જાય તો સાર્થને ન પામ્યાનો વ્યથાભાવનો ઘા કંઈક અંશે ઊઘાડો પડી જાય અને પોતાનો અહમ્ ઘવાય એ ભયને કારણે નિયતિનું ચિત્તતંત્ર ડામાડોળ થઈ જાય છે. તેનો આવો ભાવ તેના જ મનોગત શબ્દોમાં જુઓ :

"તેના મનમાં પૈડાંની ગતિથી ગુસ્સો ચકરાવો લેતો હતો. 'નથી જમ્યો તો મારે શું ? મારે ને એને હવે શું ? હું શા માટે એને મનાવવા પૂછવા જાઉં ? સાર્થ પણ શા માટે ત્રણ ત્રણ વર્ષના એકધારા નિયમ-શિસ્તને ઉવેખીને આજે રીસ, રોષ કે ન જમવાની આવી આડાઈ કરી મારી સામે મોરચો માંડે ? એને એ અધિકાર આપ્યો છે જ કોણે ? હું આ ઘરમાં માત્ર અનન્યની પત્ની છું. મારે બીજી કોઈ વાત સાથે કોઈ લેવાદેવા નથી' "[૧૨]

નિયતિ જે ઑફિસમાં કામ કરતી હતી એ ઑફિસના કટેલાક કર્મચારીમિત્રો નિયતિના 'સુખી દામ્પત્યજીવન' થી ખૂબ પ્રભાવિત હતા. તેઓ સૌની ઈચ્છા નિયતિના પતિને મળવાની હતી. નિયતિ એક દિવસ બધા સહકર્મચારી મિત્રોને પોતાને ત્યાં આમંત્રે છે. બધા મિત્રો આવે છે. નિયતિ રસોડામાં એમના માટે નાસ્તો બનાવવા ગઈ હોય છે. એ દરમ્યાન સાર્થ ઑફિસેથી પાછો ફરે છે. ઘરમાં પધારેલ સૌ મહેમાન સાર્થને નિયતિનો પતિ માની લે છે. આ આખી ઘટના બહુ નાટ્યાત્મક છે પરંતુ સર્જક આ ઘટના દ્વારા જે ઉપસાવવા-ઉપજાવવા મથે છે એમાં તેઓ સફળ રહ્યા છે. આ ઘટના દ્વારા નિયતિના માનસિક જીવનનું એક નવું જ પરિમાણ મનોવૈજ્ઞાનિક ભાવક સમક્ષ ઉઘડે છે.

આ ઘટનાને લક્ષમાં રાખતાં મનોવૈજ્ઞાનિક દષ્ટિએ આપણને કેટલાક પ્રશ્નો થવા જોઈએ જેમ કે, શા કારણે નિયતિ ઘરે મહેમાન બની આવેલા સહકર્મચારી મિત્રોને સાર્થ-અનન્ય વિશે સ્પષ્ટ અને સત્ય હકીકત નથી જણાવતી ? મિત્રો જેને નિયતિનો વર - અનન્ય માની બેઠા છે એ ખરેખર દિયર-સાર્થ છે. આ અંગે નિયતિ ચોખવટ કેમ નથી કરતી ? મિત્રો દ્વારા આવી ગેરસમજ થયાનું જાણતાં નિયતિના હાથમાંથી કોકોની ટ્રે પડી જાય છે. તે બેહોશ

નથી બનતી પણ બેહોશ થયાનું નાટક કરે છે, શા માટે ? આ સત્ય બાબત છૂપાવવા જતાં નવલકથામાં આગળ જતાં તેના અને અનન્ય પર ચારિત્ર્યહીન હોવાના ડાઘ લાગે છે છતાં તે આ અંગે કોઇ ખુલાસો શા માટે નથી આપતી ? તેની સહેલી સોહિણી નિયતિ અને પરાયા મર્દ-અનન્ય વચ્ચે અવૈધ સંબંધ છે એવી શંકા કરે છે છતાં તે સોહિણીને સાચી હકીકત કેમ નથી જણાવતી ?

નિયતિ સાર્થ સાથે નથી પરણી શકતી. તે સાર્થને મનોમન ચાહતી હતી. પરણ્યા પછી તે અનન્યની પત્ની તો બની જાય છે પણ તેના અચેતન મનમાં તો હજુ સાર્થ તરફી જ રાગાનુરાગ છે. અચેતન સ્તરે રહેલો તેનો સાર્થ પ્રત્યેનો અમાપ રાગાવેગ ક્વચિત્ ચેતન સ્તરના વાણી-વર્તનમાં પણ ધસી આવે છે. સાર્થ સાથે ન પરણી શકતા, ઇડગત અપેક્ષાઓ પરિપૂર્ણ ન થતાં તે ખૂબ લઘુતાભાવ અનુભવે છે. પરંતુ તેનો સામાજિક અહમ્ તેના આ લઘુતાભાવને પ્રગટ નથી થવા દેતો. સામાજિક અહમ્ તો નિયતિના સામાજિક મોભાને જાળવવાની જ પેરવીઓ રચ્યા કરે છે. વડીલો સમક્ષ નિયતિ અનન્ય સાથે પરણીને ખુશ છે એવો જે દેખાવ કરે છે એની એ વર્તણૂક પણ એના સામાજિક અહમ્થી પ્રેરિત છે. સામાજિક અહમ્ નિયતિની ઇડગત અપેક્ષાઓ અને અચેતન મનની અપૂર્તિઓનું દમન કરી નિયતિને સામાજિક સ્તરે માનભર્યું સ્થાન અપાવવા મથે છે. સામાજિક સ્તરનો આવો અમાપ દાબ હોવા છતાં અચેતન મન અને ઇડગત અપેક્ષાઓનું બહારતરફી દબાણ ઓછું નથી થતું. એ પણ બહાર ધસી આવવાના કોઈ ને કોઈ માર્ગ શોધે જ છે. ઇડ-સુપર ઇગો અને ચેતન-અચેતન સ્તરના પરસ્પરના આ સંઘર્ષનો કોઈ ઉકેલ લાવવો અનિવાર્ય છે. જો આ ઉકેલ ન આવે તો નિયતિ પોતાની માનસિક સ્વસ્થતા ગુમાવી દે એવી સંભાવના રહે છે. ઇડ- સુપર ઇગો અને ચેતન – અચેતન વચ્ચે સુલેહ-સમાધાન રચવા માટે અહમ્-ઇગો વચ્ચે આવે છે. ઇગો કોઈક એવો મધ્યમ માર્ગ શોધી કાઢે છે જેથી બંને પક્ષ રાજી રહે છે. અત્રે નિયતિનો અહમ્ આવું જ કંઈક કરવા પ્રેરાય છે. નિયતિ પોતાના સહકર્મચારી મિત્રો સમક્ષ પોતાના અને અનન્યના ‘સુખી દામ્પત્યજીવન’ની કલ્પનાજાળ રચે છે તે એના ઇગોથી પ્રેરાયેલી હોય છે. ‘સુખી દામ્પત્યજીવન’ની જે કલ્પનાજાળ રચે છે તેમાં તે અને તેનો પતિ-અનન્ય પરસ્પર એકબીજાને ખૂબ ચાહે છે અને બંને ખૂબ સુખી છે. આથી સામાજિક દષ્ટિએ નિયતિનો મોભો વધે છે. બધાં તેના મોહક વ્યક્તિત્વ અને તેના સુખી દામ્પત્યજીવન તરફ આકર્ષણ

અનુભવે છે. તેનો અહમ્ પોષાય છે. બીજી બાજુ, મિત્રો સમક્ષ પોતે પોતાના 'સુખી દામ્પત્યજીવન'ની જે કલ્પનાજાળ રચે છે તેમાં તેના પતિની કલ્પનામૂર્તિ અનન્ય કરતાં સાર્થ સાથે વધારે મળતી આવે છે. અર્થાત્ મિત્રો સમક્ષ પોતાના પતિના વ્યક્તિત્વ વિશે તે જ્યારે વાત કરે છે ત્યારે અનન્યનો નહિ પણ સાર્થનો સંદર્ભ તેના ચિત્તમાં પડેલો હોય છે. આમ, એક તીર દો નિશાન કહેવત અનુસાર સહકર્મચારી મિત્રો સમક્ષ તે પતિની જે કલ્પનામૂર્તિ અને સુખી દામ્પત્યજીવનની જે કલ્પનાજાળ રચે છે તેનાથી એકી સાથે તેની ઇડગત અપેક્ષાઓ અને સામાજિક અહમ્ બંને સંતોષાય છે. અહમ્ દ્વારા આ જે સુલેહ-સમાધાન કરવામાં આવે છે તેના કારણે જ નિયતિનું માનસિક સંતુલન જળવાઈ રહ્યું છે. તેણે મનોમન પોતાની એક કાલ્પનિક સૃષ્ટિ ઊભી કરી છે, જેમાં તે સ્વૈરવિહાર કરી શકે છે. પણ તેના આ સ્વૈરવિહારની પણ મર્યાદાઓ છે. ઘણી વખત એવી અણધારી પરિસ્થિતિઓ સર્જાય છે જેમાંથી નિયતિનો અહમ્ તત્કાળ માર્ગ તો શોધી લે છે પણ જરા બારીકાઈપૂર્વક જોતાં એમાં એવા કેટલાય સંકેતો પડેલા છે જે નિયતિના આંતરવિશ્વને ભાવક સમક્ષ ખોલી આપે છે. ઘરે મહેમાન તરીકે આવેલા મિત્રો સાર્થને નિયતિનો વર-અનન્ય સમજી લે છે આ પરિસ્થિતિ અણધારી રચાય છે. નિયતિનો અહમ્ તરત તેના ચેતન મનને બેહોશ થવાનો ઢોંગ કરવાનો આદેશ આપે છે. બેહોશ બની જવાથી પોતે રચેલી સાર્થરૂપી પતિ-અનન્યની કલ્પનામૂર્તિ યથાવત રહે છે અને સામાજિક મોભાને પણ અસર નથી થતી. ઊલ્ટા, મિત્રો તેના પર દયા ખાય છે. જો તેણી આવું નાટક ના કરે તો પોતાના અંતરમનથી ઘડેલી મનગમતા વરની કલ્પનામૂર્તિ ધ્વસ્ત થઈ જાત. તે પોતાની કલ્પનામૂર્તિને ગોપવી રાખવા જ આવું નાટક કરે છે. એ દિવસે તો મુસીબત ટળી જાય છે.

પરંતુ એક વખત સહકર્મચારી સહેલી સોહિણી અનન્ય અને નિયતિને સાથે ફરતાં જોઈ જાય છે. ત્યારે એના મનમાં એવી ગેરસમજ પ્રવેશે છે કે નિયતિને કોઈ પરપુરુષ સાથે સંબંધ છે. તો ય નિયતિ આ અંગે કશુ ચોખવટ નથી કરતી. નિયતિને અનન્ય દ્વારા ગર્ભ રહે છે. પણ તે હમણાં બાળક નહોતી ઇચ્છતી એટલે ગર્ભપાત કરાવવાનું વિચારે છે. અનન્ય સમક્ષ પોતાની આ ઇચ્છા વ્યક્ત કરતા તે લાચારી અને લઘુતાગ્રંથિ અનુભવે છે. આથી સોહિણી સમક્ષ તે ગર્ભપાત કરાવવાનો પ્રસ્તાવ મૂકે છે. એ સમયે સોહિણી તેને ગર્ભપાતના ઘરેલું નુસખાઓ જણાવતાં તેની સામે શંકાભરી દષ્ટિએ જુએ છે. સોહિણી એમ માને છે કે

નિયતિને પરપુરુષ સાથે આડસંબંધ છે. તે કહે છે : "'નિન્ની ડાર્લિંગ, ભૂલનો ભોગ થતાં થઈ જવાય, પણ રસ્તો ડેન્જરસ છે. તુ તારા મિયાંને જણાવીને આ નથી કરી શકતીને મને કહે છે – ઘેટ શોઝ.....બટ ડોન્ટ વરી ડિયરેસ્ટ, હું બધું કોન્ફીડેન્શિયલ સમજું છું. લે ત્યારે, હું ય હવે તારાથી શું છુપાવું ?'

નિયતિના શરીરના એકાએક કાંટા ઊભા થઈ ગયા. ગરમ ગરમ ડામર પર પગ ચંપાઈ ગયો હોય તેમ નિયતિ સમસમી ગઈ. સોહિણીની ગેરસમજ આજે ફરી તેને સાર્થનો જ ઈશારો કરતી હતી,"[૧૩]

અહીં સોહિણી નિયતિ તરફ સાશક નજરે જુએ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. સોહિણીની આવી શકભરી નજરની નિયતિ પર શું અસર થાય છે તે જુઓ : "અને નિયતિને તો સાર્થના સંકેત સાથેની સોહિણીની પેલી ગેરસમજ એ બધા જ સંવાદોની આરપારથી સોંસરી નીકળીને ઘોંચાતી હતી. થોડી થોડી વારે તેને અંગે શીત ફરી વળતાં હોય એમ તેને ધ્રુજાવતી હતી. 'અરે અરેરે....એવું નથી, એવું નથી.' અને તેને યાદ આવ્યું કે આમ તો સોહિણીની ગેરસમજ પ્રમાણે અનન્ય તેનો 'પરાયો મરદ' ગણાતો હતો - ખરી રીતે આ પરાયા મરદનું બચ્ચું જ એના પેટમાં હતું. નિયતિ હસી ન શકી. ન તાળવે ચોંટી ગયેલી તેની જીભ સોહિણીને બોલતી અટકાવી શકી."[૧૪]

નિયતિ સોહિણીની પોતા તરફની શંકાથી દુભાય છે એ બરાબર છે. પરંતુ સવાલ એ છે કે જે ગેરસમજના કારણે તેણી આ વ્યથા અનુભવી રહી છે એ ગેરસમજને દૂર કરવાનો તે પ્રયાસ કેમ નથી કરતી ? તેણી શા માટે સોહિણીને સ્પષ્ટપણે સમજાવી નથી દેતી કે તું જેને મારો 'પરાયો મરદ' સમજે છે એ અનન્ય જ મારો 'પોતાનો મરદ' છે, સાર્થ નહિ. આ ગેરસમજને દૂર કરવા તે સેજ પણ ઉત્સુકતા કેમ નથી દાખવતી એ પ્રશ્ન મનોવિશ્લેષણાત્મ દાદ માંગે એવો છે.

સાધારણતઃ કોઈ સ્ત્રી તરફ ચારિત્ર્યહીનતાનો આક્ષેપ કરવામાં આવે તો ત્રણ પ્રકારના પરિણામ આવે : જો તે સ્ત્રી ખરેખર ચારિત્ર્યહીન નહિ હોય તો આરોપકર્તાને તે આક્રોશભર્યો અને ક્યારેક હિંસાત્મ જવાબ આપશે. જો સ્ત્રી ખરેખર ચારિત્ર્યહીન હશે અને આરોપકર્તા તેના માટે નુકસાનકારક નહિ હોય એવું તેના મનમાં હશે તો તે તેના આરોપને કદાચ હસતાં મોંએ સ્વીકારી પણ લે. જો સ્ત્રી ખરેખર ચારિત્ર્યહીન અને આરોપકર્તા તેના

માટે નુકસાનકારક બની શકે એમ છે એવું તે જાણતી હોય તો તે સ્ત્રી આરોપકર્તા સાથે હિંસક અને અતિશય આક્રોશભર્યો વ્યવહાર કરે. સ્ત્રીની ચારિત્ર્યસંબંધી આ ત્રણે અવસ્થાઓને સમજવા માટે મનોવિશ્લેષણાત્મક નિદાન આવશ્યક છે. પરંતુ આપણી નાયિકા નિયતિ તો આ ત્રણે અવસ્થામાંથી એકેમાં બંધ નથી બેસતી. સોહિણી તરફ તે સેજે આક્રોશભર્યો કે હિંસક ભાવ નથી દાખવતી. આ બાબત જ તેના વ્યવહારને વધારે અસાધારણરૂપે પ્રગટ કરે છે. નિયતિના આવા અસાધારણ વર્તનની પાર્શ્વભૂમાં તેના અચેતન માનસની શક્તિઓ કામ કરી રહી છે તેવું નિદાનને આધારે કહી શકાય.

નિયતિ પોતાના અહમ્‌ને ટકાવી રાખવા કોઈ પણ હદે જવા તૈયાર થઈ જાય છે. તે પોતે જે ઘરમાં રહે છે એ જ ઘરમાં સાર્થ પણ રહે છે એવી યાદને જ તે બિલકુલ ભૂંસી નાખવા મથે છે. નિયતિએ પોતાના સહકર્મચારી મિત્રોને પોતાને ઘેર આંમત્ર્યા છે એ વાત અનન્ય સમક્ષ મૂકી ત્યારે અનન્ય સહેજ ખચકાટ અનુભવે છે. તે મૂંઝાય છે કે નિયતિના મિત્રો વચ્ચે હું શું કરીશ અને વળી સાર્થ પણ આ ઘરમાં રહે છે તેને પણ સહેજ પૂછવું જોઈએ...આ સાંભળતાની સાથે જ નિયતિનો અહમ્ ઘવાય છે. તે ક્રોધે ભરાઈ કહે છે :

" 'એનું શું છે ? આપણા ઘરમાં આપણાં મિત્રો આવે....આપણે ગમે તે રીતે આનંદ કરીએ...એ વાતને બદલે એક એની જ વાત વિચાર્યા કરવાની તમારી આદત મને બિલકુલ પસંદ નથી.' "[૧૫]

સહકર્મચારી મિત્રો સાર્થને અનન્ય માનવાની ગેરસમજ કરે છે પછી હકીકત જાણતા નિયતિ આ મુશ્કેલીનો પાર લાવવા બેહોશ થવાનું નાટક કરવાનું મુનાસિબ માને છે. આ ઘટનાને યાદ કરતા અને સાર્થે આ સંદર્ભે પોતાના મિત્રો સમક્ષ કોઈ ખુલાસો ન કર્યો એ બાબતને યાદ કરતા નિયતિ મનોમન વિચારે છે :

"વર બની બેઠો ? ના પણ ન પાડી ? મારું અપમાન કરીને ! એ મારી સામે ઓછાબોલા હતો. કંઈ પારકા સામે ! અને સ્ત્રી-દોસ્તોમાં કંઈ એને નવું નહોતું. જેનું ટ્યુશન રાખ્યું છે તે અશેષા, તેની બેનપણી નીના બધા સાથે – મોટો શરમાળ ન જોયો, ઢોંગી, મીંઢો! વર બનવાના કોડ હતા તો...."[૧૬]

આ બાબતે સાર્થ શા માટે ચૂપ રહ્યો એ મનોવૈજ્ઞાનિકની સાથે સાથે કોઈ પણ ભાવકને સહજપણે થતો સવાલ છે. નિયતિ પણ આ અંગે ગડમથલ અનુભવે છે. તે એવું વિચારે છે કે જો વર બનવાના કોડ હતા તો લગ્ન વખતે હિમ્મત દાખવવી જોઈએને !

પરિસ્થિતિ અને પ્રસંગોપાત્ તેના મનોવલણોમાં આવતાં પરિવર્તનો તેના વ્યક્તિત્વને અનોખું અને ઉમદા બનાવે છે. તેના ગતિશીલ વ્યક્તિત્વને અનુલક્ષી ડો. સુમન શાહ નોંધે છે : "સાર્થ જેવા કોઈકના પ્રેમે ભૂતકાળમાં સ્ફુટ કરી આપેલી અહંકાર અને જાતશ્રદ્ધાની કૂંપળ પ્રત્યે રતિ અને તેની રક્ષાનો મરણિયો પ્રયાસ, તે નિયતિના ચરિત્રનું મર્મગત હાર્દ છે. નિયતિનો આ પ્રેમપ્રેરિત આત્મરતિભાવ એ ઝનૂને નથી ચડતી એટલા માટે આસ્વાદ્ય બને છે, બલકે તેથી જ એના એ અંતરતમની સુકુમારતા સચવાય છે. પણ એ રતિને દબાવી મનના ધર્મો સંજોગો બદલતા રહે છે- સમાજે આપેલા વર અને ઘરમાં ગોઠવાઈ જવાનું ને બધું સમુંસુતર કરી મૂકવાનું. ઘણા પ્રયત્ન પછી પણ બનતું નથી, વળી સાર્થનો સહ-વાસ ઘણાં સુકાન બદલાવે છે, નિયતિ છેવટે મનોસ્વાસ્થ્ય અને હળવાશ ગુમાવે છે; પેલી નિયતિ પોતાનામાંથી આકાર લેતી બીજી નિયતિને દમી શકતી નથી, એના વિકસનને રોકી શકતી નથી; ઓશિયાળા બની ગયેલા, લઘુ લાગતા અનન્યની પ્રતિમાનું સાર્થ દર્શન કરે તેમાં નિયતિને નાનમ લાગે છે, હાર લાગે છે; અને તેથી બધા પ્રયાસોથી એ અનન્યની બની રહેવા મથે છે."[૧૭]

નિયતિના અચેતનની ગતિવિધિઓને પામવાના બીજા કેટલાંક અવસરો પણ નવલકથામાં કલાત્મક રીતે નિરૂપાયેલા છે. અનન્ય જ્યારે જ્યારે સાર્થના લગ્ન સંદર્ભે વાત ઉચ્ચારે છે ત્યારે ત્યારે નિયતિનું Reaction જોવા જેવું હોય છે. સાર્થના લગ્ન સંદર્ભે વાત નીકળતા તેના વર્તન અને વ્યવહારમાં ભાવશબલતા દેખાય છે. આ ભાવશબલતા તેના અંતરતમમાં દમિત થયેલી સાર્થ પ્રત્યેની લાગણીઓ પ્રતિ સંકેત કરે છે. બહારથી તે સાર્થને બિલકુલ ભૂલી ગઈ છે એવું દર્શાવવા માગે છે. તે આવો દેખાવ કરવા સભાનતાપૂર્વક વર્તે છે. તેમાં તેનો અહમ્‌ભાવ પ્રગટ થાય છે. પરંતુ બીજી જ ક્ષણે, સાર્થ લગ્ન પછી જુદો રહેવા જશે એ વાત-વિચારે તે મનોમન ભાંગી પડે છે. જુઓ :

"અનન્ય બોલ્યો, 'સાર્થ કદાચ આ વર્ષે નહીં તો આવતા વર્ષે પરણી જશે. તો પછી તને-'

નિયતિ પથારીમાં બેઠી થઈ ગઈ. અનન્યના મોં પરના અકળામણના ભાવમાં તે ગોથાં ખાવા લાગી. શું તે એમ કહેવા માગે છે કે સાર્થ પરણી જશે તો તે હું કેમ સહી શકીશ ? અને મોટેથી બોલી, 'સાર્થ પરણી જશે તો તેથી શું ? તેથી શું ?' પરણી જાય નહીં તો શું કરે ? કંઈ બાવો થઈ જવાનો છે ? મોટો બ્રહ્મચારી ન જોયો હોય તો ? કયા દુઃખે બાવો થાય ભાઈ ? ને આજકાલના આ જુવાનડાઓ આંખ એક ઠેકાણે હોય ને...એટલે તમને ને મને ખબરેય નહીં પડે ને કોક ત્રીજી અશેષાની બહેન, માસીને લેતો આવશે ! તમે નક્કામા અશેષા અશેષા કર્યા કરો છે !

....'મને શું ? સાર્થ પરણી જાય તો સારું જ ને ! તમે શું કહેતા હતા તેને-'

'એમ કે પછી તને ઘર સાકડું પડશે. આ ઘરમાં બે કુટુંબનું નભવું મુશ્કેલ બનશે. કદાચ સાર્થ જુદો રહેવા જશે. એક રીતે ઠીક થશે. તે પૂછતો હતો મને.'

નિયતિનો અવાજ ક્ષીણ થઈ ગયો. મંદિર, કલ્પિત ભવ્ય મહેલમાંથી અને છેવટે સ્મશાનમાંથી હવા પસાર થાય તેમ તેનો અવાજ થરથરીને નિઃશ્વાસ જેવો બની ગયો.

'શું કહેતો હતો ?'

અનન્યને થોડી વાર પહેલાંની આંખો બંધ કરી પોતાને વળગી વળગી આવેશમય પ્રેમવર્ષા કરતી ઉચ્છ્વાસભરી નિયતિ યાદ આવી, જે કહેતી હતી, 'મારે કોઈ ખોટ નથી. હું ખૂબ સુખી છું. મોટું ઘર લઈશ...આપણે ખુલ્લા દિલે, મુક્ત મને...આપણને શું દુઃખ છે...શેની ખોટ છે...!' અનન્ય નિયતિનો શબ જેવો બની ગયેલો હાથ પોતાના હાથમાં દબાવ્યો ને કહ્યું,..."[૧૮]

આમ, નિયતિના જીવનમાં બનેલી આ અણધારી ઘટનાને તે અપનાવી તો લે છે પરંતુ તેના જે પ્રત્યાઘાતો તેણીના આંતર મન પર પડ્યા છે એ પ્રત્યાઘાતોનો અણસાર તેની આવી ચંચળ અને સતત ચકડોળાયા કરતી મનઃસ્થિતિ પરથી આવે છે. ભાનુપ્રસાદ પંડ્યા યોગ્ય જ કહે છે : "સાર્થ પ્રત્યે કૃતક ઉપેક્ષારોષ 'મૂંઝવણભર્યો ગુસ્સો' અને પછીથી ભીતરમાં ઊંડે ઊંડે અણજાણપણે અનુભવાતી પ્રીતિનો સ્પંદ, તો અનન્ય પ્રત્યે કૃતક રીતે 'અનન્ય જ મારા પતિ' એવું 'લોહિયાણ વહાલ' અને અંતઃસ્થલમાં આ પરિસ્થિતિ માટે એની 'અપરાધી' તરીકેની સ્થાપના- એવાં બે આંતરબાહ્ય પરિમાણોમાંથી નિયતિની પ્રતિક્રિયાઓ (Reactions) જન્મે છે."[૧૯]

નવલકથાના અંત ભાગમાં નિયતિ સગર્ભા અવસ્થામાં હોય છે. આરંભે તો તેણી ગર્ભપાત કરાવવાનું વિચારે છે. સોહિણી પાસે ગર્ભપાત કરાવવા બાબતે સલાહ પણ લે છે. પરંતુ અંતે તે પોતાનો એ વિચાર ત્યજે છે. તે અનન્યનો સંગાથ ઝંખે છે. તેની પાસે દોડી જવા ચાહે છે. અત્યાર લગી તેણી સખત મનોસંઘર્ષ કરતી હતી. એની સામે તેનું ત્વરિત કે ઝડપી વિચારપરિવર્તન અને વ્યક્તિત્વ પરિવર્તન વાચકને કઠે છે. લેખિકા અંતે નિયતિના મનોસંઘર્ષને લંબાવવાને બદલે પોતાની કથાને પરંપરાગત સુખાન્ત નવલકથાઓ જેવો ઓપ આપવા તેને અનન્યમયી બનાવી દે છે.

તેમ છતાં સમગ્રતયા જોતાં નિયતિના મનઃસંચલનો, તેના આવેગો, તેની પ્રતિક્રિયાઓ અને સતત બદલાતા રહેતા ભાવોનું સર્જકે કરેલું વર્ણન તેના આંતરમન અને એ આંતરમનની ગતિવિધિઓનો સુંદર, કલાત્મક અને મનોવૈજ્ઞાનિક અર્થઘટનથી થતા આનંદનો અનુભવ કરાવે છે.

## ૬.૪. : અનન્ય : અપરાધભાવ અને દિવાસ્વપ્ન વચ્ચે અટવાયેલું વ્યક્તિત્વ :

આ નવલકથામાં નિયતિની માનસિક ખેંચતાણની સાથોસાથ અનન્ય જે પીડા અનુભવે એનું પણ સુંદર નિરૂપણ થવા પામ્યું છે.

અનન્ય એક આજ્ઞાંકિત પુરુષ છે. એ એટલો આજ્ઞાંકિત છે કે વડીલોનો પડ્યો બોલ ઝીલી લે છે અને વડીલોની આજ્ઞા ઊથાપવાનું તો તે સ્વપ્ને ય ન વિચારી શકે. વડીલો – પિતા અને ફોઈની આજ્ઞા ને આગ્રહને વશ થઈ તે નિયતિ સાથે પરણે છે. આ લગ્ન પહેલાં તે જાણતો જ હતો કે નિયતિ અને સાર્થ એકબીજાને ચાહે છે. પરંતુ વડીલોની આજ્ઞાને તે ઊથાપી નથી શકતો. આજ્ઞાંકિતપણાનો તેનો આ ગુણ જ તેની નબળાઈ બની જાય છે. તે નિયતિ સાથે પરણીને બંધનયુક્ત જીવન વિતાવે છે. બીજી બાજુ પોતાની નિર્માલ્યતા અને મુંગાપણાને કારણે જ નિયતિ-સાર્થનો પ્રણયભંગ થયો છે એવો અપરાધભાવ પણ અનુભવે છે. લગ્નની પહેલી રાત્રે જ નિયતિ-અનન્યના નિષ્ફળ લગ્નજીવનનો અણસાર મળી રહે છે :

"પ્રથમ રાતનાં ઊર્મિઉછાળ, ઉમળકો, શરમ, સંકોચ, રોમાંચ, સમર્પણની કૃતકૃત્યતા, ધન્યતા બધું – બધું જ વરાળ બની ઊડી ગયું હતું.

અવાજ સાથે બારણાં ખોલીને અનન્ય સ્વામીત્વના અધિકારથી નહીં, પણ કોઈ વિચિત્ર સંકોચથી ઓરડામાં પ્રવેશ્યો હતો....પરંતુ નિયતિની આંસુ વગરની, લુખ્ખી મુખમુદ્રા જોઈને તે ડરી ગયો. તેના પગ પાછા હઠી ગયા. કાષ્ઠની મૂર્તિ જેવી નિયતિએ નિષ્પલક ધારદાર આંખોથી અનન્ય તરફ સંકોચ વગર જોયું. અનન્યે ધ્રાસકો અનુભવ્યો અને ઝડપથી પોતાનું મોં ફેરવી લીધું. અધિકાર વગર અવિચારીપણે જ તે આ ઓરડામાં આવી પડ્યો હોય એવું તેને લાગ્યું. તેણે ઓરડા બહાર ચાલ્યા જવા માટે અનેક બહાના વિચારી જોયાં. પરંતુ બહાર લગ્નમાં આવેલાં મહેમાનો હતાં, સગાંવહાલાં હતાં, કાન બધિર કરી મૂકે એવી દલીલો અને અંતે લાવેલા તોડના વિજયી ધ્વનિનો કેફ હતો...અને...અને...બહાર કદાચ સાર્થના ભારે બૂટના અવાજો પણ હતા. અનન્ય બહાર જઈ શક્યો નહીં. ઓરડાની અંદર આવવાનો જેટલો અપરાધીભાવ તેને ગૂંગળાવતો હતો તેટલો જ બહાર નીકળી કોઈની નજરે પડી જવાનો શરમનો – હીનતાનો, પરાજયનો ભાવ પણ તેને રહેંસી રહ્યો."[૨૦]

નિયતિ સાથે લગ્ન થવા છતાં પણ એના ઓરડામાં જવામાં તે પોતાનો અધિકાર નથી સમજતો. એક બાજુ તે નિયતિને જોઈ અપરાધીભાવ અનુભવે છે. તો બીજી બાજુ લગ્નની પ્રથમ રાત્રે બહાર જવામાં શરમનો, લઘુતાનો અને પરાજયનો ભાવ અનુભવે છે. નિયતિ સાથે લગ્ન થયા પછી આ ભાવો તેના ચિત્તમાં કાયમી થઈ જાય છે. આ ભાવથી સતત તે ઘવાયેલો રહે છે.

લગ્ન પછી પણ શરૂ શરૂમાં અનન્ય નિયતિ સાથેનો પોતાનો સંબંધ સુધારી નથી શકતો, જુઓ :

"અનન્ય કોઈ વાત હળવાશથી નિયતિને કહી શકતો નહીં. તેમાંય કોઈ સમાચાર, કોઈ નવી વાત કહેવાની એના માથે આવતી ત્યારે તો તે સવિશેષ ઓશિયાળો બની રહેતો. કેવી રીતે શરૂઆત કરવી ?

પ્રથમ રાતની લુખ્ખી આંખોનો તમાચો અનન્ય કયારેક ભૂલી શકતો નહોતો. તેણે પોતાની જાત, પોતાની ઈચ્છા-અનિચ્છા પોતાનામાં જ સમાવી દીધી હતી. જેમ બને તેમ ઘરમાંથી અલિપ્ત બનીને, અંતર્મુખ બનીને તે જીવતો હતો."[૨૧]

મનનાં આવા કજોડા રચાવાથી ત્રણેનું જીવન કૃત્રિમ બની જાય છે. ત્રણેના જીવનમાં એક પ્રકારની યાંત્રિકતા આવી જાય છે.

લગ્ન થયા પછી શરૂ શરૂમાં તો અનન્ય-નિયતિ વડીલો સમક્ષ બંને એકબીજાથી ખુશ છે એવો ડોળ કરતા. ક્યારેક ક્યારેક ઓફિસેથી સાથે પાછાં ફરતાં. ક્યારેક બંને જણ ફોન પર વાત કરતાં. પરંતુ આવા વ્યવહારમાં ય બંનેનો એકબીજા પ્રક્ષત્યેનો યાંત્રિકતાભર્યો ભાવ છૂપો ન રહેતો. તેમનો આવો ભાવ ઘણીવાર ખુલ્લો પણ પડી જતો. ધીમે ધીમે અનન્ય આવા યાંત્રિક વ્યવહારની સૂગ અનુભવતો થાય છે. તે આવી બધી ઔપચાતિકતાઓમાંથી મોં ફેરવી લેવા મથે છે. તે નિયતિના પોતા સાથેના લાગણી  કે ભાવના અતિરેકભર્યા વ્યવહારથી બચવા માટે ઓફિસેથી મોડો આવતો થાય છે, કોઈ ને કોઈ કામમાં રચ્યોપચ્યો રહે છે.

અનન્ય નિયતિ સાથે પરણે  છે ત્યારથી અનન્ય-સાર્થનો, ભાઈ-ભાઈનો સંબંધ પણ સ્વસ્થ નથી રહ્યો. બે ભાઈઓના એકબીજા સાથેના વ્યવહાર-વર્તનમાં પણ ઔપચારિકતા કે યાંત્રિકતા આવી ગઈ છે, જુઓ :

"કયે કયે ઠેકાણે મેચ રમાય છે, કોણ જીતશે કે હારશે, કોણ કેવું રમ્યું ? જીતની કે હારની બાજી અણધારી કેવી રીતે પલટાઈ ગઈ વગેરે મેચની વાત અચૂક તેના મોંએ આવી જ જતી. બન્ને અટકી અટકીને એ વાત કરતા. પળભર કંઈક બીજી વાત કરવી જ જોઈએ એ ગડમથલમાં શાંતિ ફંગોળાઈ જતા. અનન્યે વિચારી રાખેલી બીજી વાત તે મૂકી દેતો. 'ક્યાં કયું ચિત્ર ચાલે છે ?' એ વાત પણ જરા વારમાં પૂરી થઈ જતી. પછી દરજીની સિલાઈ વિષે, કપડાંની જાત વિષે બન્ને અર્થ વગરની વાત કરતા અને છેલ્લે કેન્ટીનમાં સવારે તે શું જમેલો અને સાંજની ઘરની રસોઈની વાત કરતાં કરતાં જમવાની વાત સાથે જમવાનું બનાવનાર 'નિયતિ'નો અપ્રત્યક્ષ ઓળો બન્ને વાતને ધુમ્મસઘેરી બનાવી દેતો.

'આજે તો બહુ થાક લાગ્યો છે. ત્યારે હવે સમાચાર સાંભળી લઉં.' કહેતાં અનન્ય સાર્થ પાસેથી નાસી છૂટતો. 'કંઈક બની જશે' એવી ફડક અનન્યને કદી સ્વસ્થ મને જીવવા દેતી નહીં. નિયતિને કંઈક કહેવાનું છે એવો ભાસ પણ અનન્યને થતો તો તે આખો દિવસ ઘરથી દૂર રહેતો. નિયતિના સ્પર્શથી, નિકટતાની વાતોથી અને રાતના એકાંત ઓરડાના અંદારાથીય એનું ચાલે તો તે દૂર રહે એટલી ફડકથી તે બાવરા માણસની જેમ ફર્યા કરતો.

નિયતિના વહાલના બોલ તેને બિહામણા લાગ્યા કરતા, તેની સહજતા તેને ગળા પર ટૂંપાતી મરણભીંસ જેવી લાગતી......કોઈ પણ પ્રકારની, વાસ્તવિક નજરે જોઈ શકાય, આંગળીથી ચીંધી શકાય એવી આફત ન હોવા છતાં અનન્યની ભીતિ દિનરાત તેને હંફાવ્યા કરતી હતી. અને તેના મુખભાવો નિયતિ સામે ઓશિયાળા બની જતા – દયા માગતા હોય કે 'મને જીવવા દે.' મારો શ્વાસ પણ તને ન સંભળાય એટલો ચૂપચાપ." [૨૨]

પહેલી રાતે નિયતિનો પોતા સાથેનો વ્યવહાર જોઈ અનન્ય ડરી જાય છે. પરંતુ નિયતિ ધીમે ધીમે તેના તરફ વહાલ દર્શાવે છે. આ વહાલ જેમ જેમ વધતું જાય છે તેમ તેમ અનન્ય વધુ ને વધુ ગૂંગણામણ અનુભવે છે. નિયતિ પોતાના અહમ્‌ને સાચવવા અને વડીલો સમક્ષ પોતાની લઘુતાગ્રંથિ પ્રગટ ન થઈ જાય એ માટે અનન્ય તરફ વહાલભર્યું વર્તન કરવા લાગે છે. તે એમ દેખાડવા માંગે છે કે સાર્થ કરતા અનન્ય સાથે પરણી એથી તે વધારે ખુશ છે. તે પોતાની આ કૃત્રિમ ખુશીને વ્યક્ત કરવા અનન્ય તરફ વધારે ને વધારે વહાલ દાખવે છે. અનન્ય તેના વહાલતળે રૂંધામણ અનુભવે છે કે કોઈ પણ બહાને નિયતિથી દૂર થવા મથે છે. એટલે તે ઓફિસેથી મોડો આવે છે. પુસ્તકો વાંચવામાં રચ્યોપચ્યો રહે છે. અને આ કારણે જ તે કહે છે : "મારે ત્રણ માસ માટે અહીંથી - ઓફિસ તરફથી બહાર જવું પડશે. તું ગુસ્સે ન થતી નિન્ની, હું સાચું બોલવા માંગુ છું. આ થોડા વખત માટે મેં મારી જાતે બહાર જવાનું માગી લીધું છે. અને હવે ના પાડી શકાશે નહીં. ઓર્ડર ગમે ત્યારે આવે -"[૨૩]

નિયતિ જે રીતે પોતાના Unconscious Mind થી પ્રેરાઈ મનોમન પતિની એક કલ્પનામૂર્તિ-સ્વપ્નમૂર્તિ રચે છે, એ જ રીતે અનન્ય પણ પોતાની અચેતનગત કામનાઓની પરિપૂર્તિ માટે એક સ્વપ્નમહેલ રચે છે. આ સ્વપ્નમહેલની નીવ તે જે લઘુતાગ્રંથિ અનુભવે છે તેમાં તથા તેના અંતર્મુખી સ્વભાવમાં પડેલી છે.

અનન્ય પોતાના આ સ્વપ્નમહેલમાં નિયતિને પ્રવેશ નથી આપતો. કારણ કે નિયતિ સમક્ષ તે લઘુતા અનુભવે છે. માણસને હંમેશાં પોતાની ગુરુતા સ્થાપવાની અને પોતાનો માલિકીભાવ સ્થાપવાની મનોવૈજ્ઞાનિક ભૂખ હોય છે. પોતાના ઘર-પરિવારના સભ્યો પર પોતાનો માલિકીભાવ ન સ્થાપી શકે તો એ લઘુતાભાવ અનુભવે છે. પરંતુ પેલો પોતાની ગુરુતા સ્થાપવાનો અને પોતાનો માલિકીભાવ પ્રસ્થાપિત કરવાનો ચરૂ હજુ બંધ નથી થતો. તે અચેતન સ્તરે અવિરતપણે વહ્યા જ કરે છે. ચેતનસ્તરે પોતાનો માલિકીભાવ પ્રસ્થાપિત

કરવામાં નિષ્ફળ રહેલ વ્યક્તિનું અચેતન માનસ એ માલિકીભાવની અભિવ્યક્તિ માટે સ્વપ્નમહેલ રચવા પ્રેરાય છે. જેને મનોવિજ્ઞાનની પરિભાષામાં દિવાસ્વપ્ન (Day Dreaming) કહે છે. આવું જ કંઈક અનન્ય સાથે બને છે. અનન્ય ચેતનસ્તરે નિયતિ પર પોતાનો માલિકીભાવ નથી પ્રસ્થાપી શકતો. તે તેની સમક્ષ લઘુતાભાવ અનુભવે છે. નિયતિના ગુરુતાભાવથી બચી પોતના ગુરુતાભાવને પ્રસ્થાપવા અનન્ય અચેતન સ્તરે સોનુ સાથે સંબંધ સ્થાપે છે.

અનન્યને એવું લાગે છે કે સાર્થ પરણી જશે તો પોતા અને નિયતિ વચ્ચે બધું બરાબર થઈ જશે. એટલે તે સાર્થના લગ્ન માટે પ્રયાસ કરે છે. મિત્ર બાદલની બહેન સોનુ સાથે સાર્થના લગ્ન થાય એવી ગોઠવણ પણ તે કરે છે. પરંતુ સાર્થને બદલે તે જ મનોમન સોનુને ચાહવા લાગે છે. સાર્થ સાથે સોનાની ગોઠવણ કરવા જતાં, તે સ્વયં પોતાની જ સોના સાથે ગોઠવણી કરવા લાગે છે. રવિવારના દિવસે સોના તેના ભાઈ બાદલ સાથે અનન્યને ત્યાં સાર્થને મળવા-જોવા આવવાની હતી. આરંભમાં અનન્ય એવું વિચારે છે કે આ બધું નિયતિની હાજરીમાં જ થાય તો સારું. પરંતુ તેનું અચેતન માનસ તેને બીજે વિચારે જ ચડાવે છે. તે મનોમન કલ્પના કરવા લાગે છે કે સોના-બાદલ આવે ત્યારે નિયતિ ઘરમાં જ ન હોય. અનન્યની આવી કલ્પના પાછળનું કારણ છે તેના અચેતનમાં પડેલી સોના સાથેની એકાન્ત મુલાકાતની અભિપ્સા. નિયતિની ગેરહાજરીમાં તે સોનાને બરાબર નીરખી શકશે. તેની સાથે એકાંતમાં રહેવાનો અવસર રચાય એવી મનોકામના તે સેવે છે. જુઓ

"અને પછી, ગમે તે કોઈ કારણે નિયતિ ગરહાજર હોય, પછી ? પછી થોડી વાર ત્રણે ઔપચારિક વાતો કરશે. પોતે સાર્થને કહેશે કે સામે મીઠાઈવાળાની બાજુમાં જ ચાનો સ્ટોલ છે. એના નોકરને આગ્રહ કરીને અથવા તો કંઈ વધારાની ટીપ આપવાનું ગોઠવીને પણ પહોંચાડવાનું....એના કરતાં સોના જ ઘરમાં ચા બનાવે તો ? એમ કરે તો સાર્થ કંઈ સલાહસૂચન આપવા એની રસોડામાં જાય તે ન શોભે. ત્યારે કંઈ બાદલ મહેમાન તરીકે આવ્યો હોય તે એકલો બહાર બેસી રહે ? એમ ત્યારે. પછી બધું બરાબર થઈ રહે. બાદલ પાસે સાર્થ બેસે. એ લોકો રાજકારણની, પછી તે દેશનું હોય કે દેશ બહારનું હોય, લગ્નસંબંધી, સામાજિક લેવડદેવડની હોય, ઑફિસના માણસોની કે ઑફિસના વહીવટી તંત્રની હોય ત્યાં બહાર ચર્ચા કરશે. સોના સાથે તે રસોડામાં....ખરી રીતે સૂચના તો શું

આપવાની હશે ? એક સ્ત્રીને માટે ચા બનાવવી કે અમુક ડબ્બાઓમાંથી નાસ્તો કાઢીને પ્લેટોમાં ગોઠવવો એ કંઈ ન આવડે એવું હોઈ શકે ? એટલે તે વખતે એ જોશે...જે પાટલા પર નિયતિ બેસતી તે જ પીળા રંગનો...એમાંથી ઊઠેલી ખીલી બાબત તે તરત બોલી ઊઠશે, 'સાંભળજો તે તરફ ખીલી છે, તમારી નવી સાડી ભરાઈ જશે.' અથવા અથવા તે ચટણી વાટવાનો પથ્થર લઈ એકદમ સોના પાસે બેસી જશે અને પાટલો ગોઠવી, ખીલી ઠોકી દઈને હસીને 'હવે બેસો' કહેશે. પોતાની આ કાળજીની સોના નોંધ લેશે. પછી ચાના પ્યાલા-રકાબી તે ગોઠવી આપશે.......સોનાને તે રસોઈ કરતી, પોતાને પીરસતી, પોતાનાં કપડાં ધોતી, વાતો કરતી હસતી...પણ...પણ...પણ અનન્યને પાર્ટીશન યાદ આવી જતું." [૨૪]

આ સમગ્ર પેરેગ્રાફમાંથી સોના તરફ ઢળેલી અનન્યની લાગણીઓનો પરિચય મળે છે. પોતાના નાના ભાઈ સાર્થ સાથે જે છોકરીનું નક્કી કરવાનું છે તેના પ્રત્યે જ અનન્ય આવું મમત્વ શા માટે રાખે છે એની પાછળ પણ કટેલાંક મનોવૈજ્ઞાનિક પરિબળો કારણભૂત છે.

૧. નિયતિ સાથે લગ્ન થવા છતાં ય, તેનો પતિ બન્યા પછી પણ અનન્ય નિયતિને સાર્થના મોહપાશમાંથી નથી છોડાવી શકતો. તે જાણે છે કે હજુ નિયતિ સાર્થને મનોમન ચાહે છે. એટલે તે લઘુતાભાવ અનુભવે છે અને સાર્થ-નિયતિના આ આંખમીંચામણાંના ખેલનો બદલો સોનાના માધ્યમથી લેવા માટે અચેતન મનથી પ્રેરાય છે.

૨. એક પુરુષ તરીકે તે સતત પોતાને ચાહે, પોતાને પ્રેમ કરે એવી સ્ત્રીની ઝંખના સેવતો હોય છે. નિયતિ તરફથી તેને આ લાગણીનો અહેસાસ નથી થતો. એટલે તે સોના તરફ આકર્ષાય છે.

૩. તે પરણેલો છે. નિયતિ તરફથી તેને દૈહિક કે માનસિક હૂંફનો કોઈ અહેસાસ નથી થતો. તો સોના તરફ તે આકર્ષાય છે, પરંતુ સોના સાથે તેણે પોતાના નાના ભાઈ સાર્થનો સંબંધ કરવાનું કહ્યું છે. ચેતનસ્તરે પરણિત પુરુષ તરીકે તે સોના સાથે સંબંધ રાખવા જાય, તેને પોતાના જીવનમાં પ્રવેશ આપે તો તેનો સુપર ઈગો (Super Ego) - સામાજિક અહમ્ ઘવાય. અને જો તેને ટકી રહેવું હોય તો સોના જેવી કોઈ પ્રેમાળ સ્ત્રી તેના જીવનમાં આવે એવી અચેતનસ્તરની અનિવાર્યતા જણાય છે.

આથી તેનો ઈગો મધ્યમ માર્ગ અપનાવે છે. તે સોનાને સાર્થ સાથે પરણાવવા મથે છે. પરંતુ દિવાસ્વપ્નોમાં સોનાના પ્રેમી તરીકે, તેની કાળજી રાખનાર તરીકે તો પોતાને જ જુએ છે. તે પોતાના ચિત્તમાં જ સોનાની પ્રેમમૂર્તિ રચે છે. અનન્યના દિવાસ્વપ્નો અનન્યની અતૃપ્ત ઈચ્છાઓનો યથાતથ પડઘો ઝીલતા જણાય છે.

અનન્ય અતૃપ્ત ઈચ્છાઓની પરિપૂર્તિ અર્થે સોના પ્રત્યે ખેંચાય છે. પરંતુ તેના આવા વલણથી તે પોતે જ વધારે વેદના અનુભવે છે. સાર્થ અને નિયતિ પહેલાંથી એકબીજાને ચાહતા હતા. એમના ભગ્ન પ્રરણજીવન માટે અનન્ય પોતે જવાબદાર છે એવો અપરાધભાવ તે અનુભવતો હતો. પોતાના અપરાધભાવની પીડા દૂર કરવા તે સાર્થને પરણાવવાનું વિચારે છે. પરંતુ ફરી તેનાથી એ જ અપરાધ દોહરાવાય છે. જે છોકરી-સોના સાથે સાર્થનું નક્કી કરવાનું હતું એની સાથે જ અનન્ય પોતાના એકાંત જીવનના સ્વપ્નો સેવવા લાગે છે. એના કારણે તે પોતાની જાતને કોસે છે. તે પાપભીરુ છે એટલે જ અપરાધભાવ અનુભવે છે. તો બીજી બાજુ તે પોતાની જાતને કાયર પણ માને છે. કારણ કે તે કોઈને પણ જણાવ્યા વિના બધાથી છૂપી રીતે સોનાના સ્વપ્નો જુએ છે. સોનાની સ્વપ્નમૂર્તિ સમક્ષ તે એક પ્રેમીની માફક વર્તે છે. તેનું આ મનોવલણ તેના અપરાધભાવને વધારે ઘેરો બનાવે છે. જુઓ :

"અરેરે કાયર, કેટલી વાર લગાડે છે તું ? પરાક્રમ કે પ્રવેશ, કંઈ પગથી તો કરવાનો નથી, માત્ર મનથી જ પેલી અલગ સૃષ્ટિમાં પ્રવેશવાનું તેમાંય આટલી ચોખલિયાવૃત્તિ ? ચોખલિયા શું, એ તો ભીરુતા, પાપભીરુતા. અનન્ય પોતાની જાત પાસે જ માફી માગતો નીચું મોં રાખી પળવાર ગુનેગારી અનુભવતો ઊભો રહેતો હોય એમ અવાક થઈ જતો. શાની કેફિયત આપવાની હોય છે આમ તેને વારે વારે ? જુઓ ત્યારે, દેવતાની મોટી ફ્રેમ પાછળ એની સ્વીચ એણે રાખી છે. મન જરાય અસામાજિક નથી, પણ મનના આચારની શૈલી કંઈક એવી ખરી. કપડાં-લત્તા ગમે તેટલાં સારાં ને અપટુડેટ પહેરે તોય કંઈ વરરાજાની જેમ તેનાથી તેનાથી ઘોડા પર બેસવાનું નહોતું જ. બહુ બહુ તો વરરાજાની જાનમાં તે અગત્યનો મોવડી બની શકે, કર્તાહર્તા બની શકે, કોઈ કન્યાના માંડવાનો વેવાઈ બનીને જ તે સામાજિક બની શકે. મોં પણ તેવું રાખવું પડે ને મન પણ."[૨૫]

## ૬.૫. : ઉપસંહાર :

આમ, અનન્યના દિવાસ્વપ્નો તેની અતૃપ્ત મનોકામનાઓ અને તેના અચેતન મનનો વલોપાત પ્રગટ કરે છે. બહારથી તંદુરસ્ત અને સુખી લાગતો માણસ પણ મનોરુગ્ણતાથી કેવી કેવી પીડા ભોગવતો હોય છે તેનું તાદશ નિદર્શન અનન્ય અને નિયતિના પાત્રોમાંથી મળી રહે છે. નવલકથામાં પ્રયોજાયેલી સર્વજ્ઞ કથનકેન્દ્રની રચનાપ્રયુક્તિ તથા પાત્રો દ્વારા ઉચ્ચારવામાં આવતી આંતર એકોક્તિ નવલકથામાં નિરૂપાયેલા મનોવૈજ્ઞાનિક તત્ત્વોને સુંદર અને કલાત્મક ઉઠાવ આપે છે.

## ૬.૬. : પાદટીપ :

૧. ચંદ્રકાન્તબક્ષીથી ફેરો, સુમન શાહ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨ જી આવૃત્તિ, ૧૯૯૩; પૃ. ૯૩

૨. નાઈટમેર, સરોજ પાઠક; પ્રકાશન : શબ્દલોક પ્રકાશન, અમદાવાદ; ૩જી આવૃત્તિ, ૧૯૮૯; પૃ. ૧૪

૩. એજન; પૃ. ૧૯

૪. એજન; પૃ. ૧૯

૫. એજન; પૃ. ૨૦

૬. એજન; પૃ. ૨૧

૭. એજન; પૃ. ૨૨

૮. એજન; પૃ. ૨૨

૯. એજન; પૃ. ૨૨

૧૦. એજન; પૃ. ૨૨

૧૧. એજન; પૃ. ૨૩

૧૨. એજન; પૃ. ૧૨

૧૩. એજન; પૃ. ૨૩૫

૧૪. એજન; પૃ. ૨૩૬

૧૫. એજન; પૃ. ૩૫

૧૬. એજન; પૃ. ૪૮

૧૭. ચંદ્રકાન્તબક્ષીથી ફેરો, સુમન શાહ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨ જી આવૃત્તિ, ૧૯૯૩; પૃ. ૯૫

૧૮. નાઈટમેર, સરોજ પાઠક; પ્રકાશન : શબ્દલોક પ્રકાશન, અમદાવાદ; ૩જી આવૃત્તિ, ૧૯૮૯; પૃ. ૫૧

૧૯. ગુજરાતી કથાવિશ્વ - નવલકથા, સંપાદક : બાબુ દાવલપુરા અને નરેશ વેદ (ભાનુપ્રસાદ પંડ્યાનો અભ્યાસલેખ : 'નાઈટમેર - સરોજ પાઠક'); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૩જી આવૃત્તિ, ૨૦૧૧; પૃ. ૨૩૮

૨૦. નાઈટમેર, સરોજ પાઠક; પ્રકાશન : શબ્દલોક પ્રકાશન, અમદાવાદ; ૩જી આવૃત્તિ, ૧૯૮૯; પૃ. ૧૪

૨૧. એજન; પૃ. ૨૮

૨૨. એજન; પૃ. ૩૨

૨૩. એજન; પૃ. ૭૦

૨૪. એજન; પૃ. ૧૪૪

૨૫. એજન; પૃ. ૧૯૭